મને દૃષ્ટિ... દેને... જોવા... (૨) સહુને મહારાજ સ્વરૂપે,
તનડે ત્રિકમ રહેલ, મનડે મહારાજ રહેલ,
હરિ વસેલ સૌને હૈયે... એ હૈયે... (૩) મને દૃષ્ટિ.

પ્રભુએ પસંદ કરેલા, પ્રભુજી પંડે વરેલા,
મન ચિત્ત પ્રભુએ હરેલા, મૂર્તિની સ્મૃતિથી ભરેલા,
એવા મુક્તોની સંગ રહેવાનું ભાગ્ય ક્યાંથી,
આનંદું એના વિચારે... તનડે ત્રિકમ... મને દૃષ્ટિ.

રહેવું ન શ્રીહરિ વના, હરિ છે એના હરિજનના,
હરિ સામર્થ્યની ન મણા, બળ લઈ પાર થાય ઘણા,
અરિવર્તન હરાવી, કપિવર્તન બતાવી,
હરિવર્તન એ કરાવે... તનડે ત્રિકમ... મને દૃષ્ટિ.

ખાણનો બનાવનાર અહીંયાં, કોલસાનો હીરો થાય અહીંયાં,
હીરો ઝવેરી થાય અહિયાં, ઝવેરીનો ઘડનાર અહીંયા,
બનું હરિનું બીન, મળે દૃષ્ટિ દૂરબીન,
ભક્ત ભગવાનરૂપ ભાસે... તનડે ત્રિકમ... મને દૃષ્ટિ.

ચલતી : હાથ લાગી હીરાખાણ, સહુએ માણે, (૨)
ખાણ ખાણ ઓળખાણ, સહુએ માણે, (૨)
ઓળખાણે નારાયણ, સહુએ માણે, (૨)
સૌએ સ્વામિનારાયણ, સહુએ માણે, (૨)
સહુએ માણે... (૨)